# પ્રસ્તાવના

**માનવંતા સદસ્યશ્રીઓ,**

સને ૨૦૧૭-૨૦૧૮ ના વાર્ષિક અંદાજપત્ર મંજુરી અંગેની આજની બેઠકમાં આપ સૌને આવકારતા અને સાથે જિલ્લાના વિકાસ માટે જિલ્લા પંચાયત વ્દારા સને ૨૦૧૬–૧૭ ના સુધારેલ તથા સને ૨૦૧૭–૧૮ નું વાર્ષિક અંદાજપત્ર આપ સમક્ષ રજુ કરતાં હર્ષની લાગણી અનુભવું છું. આપણું રાજય દેશનાં વિકાસમાં પ્રથમ હરોળમા છે.તેથી રાજયના વિકાસમાં ડાંગનો પણ ફાળો છે.

જિલ્લાની વિશિષ્ટ ભોગોલિક પરિસ્થિતિને કારણે ડુંગરાળ પ્રદેશ છે. આ સુંદર રળીયામણા પ્રદેશ છે. જેમાં છેલ્લા વર્ષોથી ઘણીજ પ્રગતિ થઈ રહેલ છે. જિલ્લામાં વરસાદનું પ્રમાણ ઘણું રહે છે. પરંતુ પિયત વિસ્તાર માટે જરુરી ભોગિલક પરિસ્થિતિ અનુકુળ નથી. તેમજ આ જિલ્લામાં એક પણ ઔદ્યોગિક કારખાના ન હોવાના કારણે વિકાસમાં બાધા આવે છે. તેમ છતાં જિલ્લાનો અન્ય જિલ્લાઓની જેમ સર્વાંગી વિકાસ કરવાના આપણા આયોજન થકી જ ડાંગના ગામોમાં રસ્તા,પુલો ,થવાના કારણે જિલ્લા મથક સાથે ગામો સીધા જોડાયેલ છે. સિંચાઈ ,ખેતી, પશુપાલન યોજનાઓના કારણે મહદ્અંશે ,ખેડુતોનો પણ વિકાસ થવા પામેલ છે. અને આર્થિક પરિસ્થિતિમાં સુધારો જોવા મળે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દવારા ડાંગના ગામોમાં આરોગ્ય સુવિધા મળી રહે છે. આમ આરોગ્ય, પ્રા.શિક્ષણ ,રસ્તા, પાણી જેવી પાયાની સુવિધા લોકો સુધી પહોંચે તેમજ તેમા ઉત્તરોત્તર પ્રગતિ થાય,તેવા સતત પ્રયત્ન થઈ રહયા છે.

આમ તો વિકાસની સતત ચાલતી આ પ્રક્રિયામાં આપ સહુનો સહયોગ અને માર્ગદર્શન સમયાંતરે મળતા રહે છે.

ડાંગ જિલ્લા પંચાયતને મહેસુલી આવક મળતી નથી. કરવેરા કે ખણીજ ઉત્પાદન અંગે પણ કોઈ લાભ મળતો નથી. ફકત વન ઉપજની આવક ઉપર આધાર રાખવો પડે છે. ઉત્તરોત્તર વન ઉપજની આવક પણ ઓછી થવાના કારણે સ્વભંડોળની આવક સિમિત થઈ રહેલ છે. .જેના કારણે જિલ્લા પંચાયત પાસે આવકના સ્ત્રોત નહિવત છે. ડાંગ જિલ્લાના નવ રચિત તાલુકાઓ સાથે કુલ ત્રણ તાલુકા અસ્તિત્વમાં આવેલ છે. આમ સ્વભંડોળ ક્ષેત્રે વહીવટી /વિકાસના ખર્ચમાં વધારો થયેલ છે. જે બાબતો ધ્યાને લઈ પોતાના આવકના સાધનો વધે ,તે બાબત વિચાર માંગી લે છે. જિલ્લાનું સર્વલક્ષી વિકાસશીલ અંદાજપત્ર સરકારશ્રીના ફંડ સિવાયની આવકો સિવાય તૈયાર કરવું ખુબજ મુશ્કેલ ભર્યુ કામ છે. તેમ છતાં જિલ્લાના વિકાસ માટે મર્યાદિત આવકને ધ્યાને લઈ આ અંદાજપત્ર તૈયાર કરેલ છે.

અંદાજપત્ર તૈયાર કરવામાં જિલ્લા પંચાયતના સચિવ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી વ્દારા તથા આપ સૌ પદાધિકારીશ્રીઓ અને શાખાધિકારીશ્રીઓ સાથે સંકલન કરી આ અંદાજપત્રનું આયોજન શકય બનેલ છે. તે મુજબ સને ૨૦૧૬–૧૭ ના સુધારેલ તથા ૨૦૧૭–૧૮ના અંદાજોમાં જિલ્લા પંચાયતના સ્વભંડોળ, સરકારી સદરો તેમજ દેવા વિભાગ સદરે મુખ્યત્વે નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

જિલ્લા પંચાયત વિકાસ ક્ષેત્રે ( તાલુક પંચાયતો સહીત) ફાળવણી રૂા.૯૨.૮૫ લાખ સ્વભંડોળ સદરે અને રૂા.૪૭૯૭.૭૯ સરકારી સદરો સહીતનું આયોજન કરેલ છે. ખેતીવાડી ક્ષેત્રે ૫.૨૬ લાખ સ્વભંડોળ સદરેથી જયારે રૂા.૧૯૫.૦૯ લાખ સરકારી સદરેથી ખર્ચની માંગણીનું આયોજન છે. જયારે પશુપાલન ક્ષેત્રે ૫.૫૫ લાખ સ્વભંડોળ સદરેથી અને રૂા.૨૭૬.૨૦ લાખ સરકરી સદરે આયોજન કરેલ છે. બાંધકામ ક્ષેત્રે સ્વભંડોળ સદરેથી રૂા.૧૮૪.૦૦ લાખ તથા રૂા. ૫૯૨૭.૯૭ લાખ સરકારી સદરેથી જિલ્લાના માળખાકીય સુવિધાઓ માટે આયોજન કરેલ છે. સિંચાઈ ક્ષેત્રે રૂા. ૩૧.૪૫ લાખ સ્વભંડોળ સદરેથી તથા રૂા.૧૩૫.૯૭ લાખ સરકારી સદરે આયોજન કરેલ છે.શિક્ષણ ક્ષેત્રે રૂા.૫૪.૬૦ લાખ સ્વભંડોળ તથા સરકારી સદરે રૂા.૧૧૩૭૯.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. જિલ્લાના વિકાસના કામો માટે રાજય સરકારશ્રી વ્દારા આયોજન મંડળ, આદિજાતિ પેટા વિસ્તાર યોજના ,પછાત વિસ્તાર અનુદાન ફંડ તેમજ અન્ય ખાતાઓ તરફથી યોજનાઓના લાભ મળવાથી સરકારી યોજના હેઠળ ખુટતી કડીના કામો પેટે અનુદાન ઉપલબ્ધ થાય છે. તેમજ મનરેગા યોજના હેઠળ રોજગારી સહ માળખાકીય સુવિધા ઉભી કરવાનો પ્રયત્ન થઈ રહેલ છે.

આમ આવકના સિમિત સ્ત્રોત હોવા છતાં જિલ્લાનો સર્વાંગી વિકાસ સાધવાનો પ્રયત્ન કરેલ છે. તૈયાર કરેલ આ આયોજનને સૌનો સાથ સૌનો વિકાસ સુત્રને ચરિતાર્થ કરી અંદાજપત્રને આપ સૌ આવકારશો એજ અભ્યર્થના

વંદેમાતરમ.......જય જય ગરવી ગુજરાત ....... ભારતમાતાકી જય.......

આપનો સહૃદયી,

બાબુરાવભાઈ ઝેડ. ચૌર્યા

પ્રમુખ

ડાંગ જિલ્લા પંચાયત આહવા.